بسم الله الرحمٰن الرحيم

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ — اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ

صلى الله عليه وسلم

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ — اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

# શફાઅત

## કુર્આન તથા સુન્નતની રોશનીમાં


અઝ

**મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**

*(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

Mo. 94274 64411 Mo. 96645 21477

Web.barkatekhwaja.net

BANK DETAILS

બેંક ઓફ બરોડા

A/c. No. 34620100000303,

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

PhonePe Mo. 94274 64411 G Pay Paytm

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૭૪ | આવૃત્તિ–૨ | પ્રત : ૨૦૦૦ |
| ૧૬–શવ્વાલુલ્ મુકર્રમ | હિ.સ. ૧૪૪૫ | ૨૬/૦૪/૨૦૨૪ |

હદિયો ₹30/-

# ✦✦✦ અનુક્રમણિકા ✦✦✦


❒ **"શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં** 03

❀ કુર્આની આયતોથી સાબિતી 04

❀ હદીષે નબવીથી આયતે કરીમાની તફસીર 06

❀ મુબારક હદીષોથી શફાઅતના હોદ્દાની સાબિતી 07

❀ (૬) શફાઅતે કુબરાની મહાન હદીષ 10

❀ શફાઅતની હદીષ રિવાયત કરનાર સહાબીઓ 15

❀ હુઝૂર મો'મિનોને દોઝખથી કાઢી જન્નતમાં દાખલ કરશે 16

❀ શફાઅતની હદીષો મુતવાતિર છે અને શફાઅતની સાબિતી માટે
અહલે સુન્નતનો ઈજમાઅ છે 20

❀ શફાઅતના વિશે વહાબીઓની માન્યતા 20

❀ વહાબીઓના ઈમામની દલીલની હક઼ીક઼ત 21

❀ વહાબીઓની દલીલ અસ્થાને છે 21

❒ **શફાઅત વિશે સમજૂતી** 23

❒ **શફાઅતના પ્રકાર** 24

❀ શફાઅતના પ્રકારોની સ્પષ્ટતામાં દલીલો
કિતાબ તથા સુન્નતની રોશનીમાં 26

❀ (૨) મહોબ્બત : 29




**મસ્અલા-૬**

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِيْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

## ''શફાઅત'' કિતાબ તથા સુન્નતની રોશનીમાં

**શફાઅતનો ભાચાર્થ** : શફાઅતનો અર્થ છે સિફારિશ (ભલામણ), અને મુસ્લિમ ઉમ્મતની બોલીમાં ''શફાઅત''નો મતલબ છે : અલ્લાહ તઆલા હુકમથી (અનુમતિથી) સૈયદુલ અંબિયા ﷺનું તેની બારગાહમાં સિફારિશ કરીને હિસાબ તથા કિતાબ શરૂ કરાવવું અને મહબૂબે ખુદા, ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺનું બારગાહે ઈલાહીમાં સિફારિશ કરીને ગુનેહગારોને બખ્શાવવું, જહન્નમથી નજાત અપાવીને જન્નતના હક્કદાર બનાવવું અને ઘણા બધા જન્નતવાસીઓને દરજાઓની પ્રગતિ અતા કરવી અને અગણિત લોકોને હિસાબ કિતાબ વિના જન્નતમાં મોકલવા.

આ સઘળુ કામ અલ્લાહ તબારક વ તઆલાનું છે પણ તે પોતાના મહબૂબ તથા મુકર્રબ બંદાઓને સિફારિશની ઈજાઝત આપશે અને પછી તેમની સિફારિશ પર આ ઈનામો અતા કરશે.

આ અકીદો અહલે સુન્નત વ જમાઅતનો છે જે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે અને મુબારક હદીષો તવાતુરની હદ સુધી પહોંચેલી છે. પણ **વહાબીઓ કિતાબ તથા સુન્નત (કુર્આન, હદીષ)ની વિરૂધ્ધ શફાઅતના અકીદાને શિર્ક કહે છે.** જેમ કે તકવિયતુલ ઈમાનમાં છે : ''પયગંબરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાની મૂર્તિઓને અલ્લાહના

બરાબર જાણતા ન હતા, બલ્કે તેની જ મખ્લૂક અને તેના જ બંદા સમજતા હતા અને તેમને તેના બરાબરની શક્તિ સાબિત કરતા ન હતા, પણ એ જ પોકારવું અને મન્નતો માનવી અને નઝરો નિયાઝ કરવી, અને તેમને પોતાના વકીલ તથા **સિફારિશી** સમજવું તેમનું કુફ્ર તથા શિર્ક હતું.

જેથી જો કોઈની સાથે આ મામલો કરશે, ભલે તેને અલ્લાહનો બંદો અને મખ્લૂક જ સમજે તો અબૂ જહલ અને તે શિર્કમાં સરખા છે.'' *(તક્વિયતુલ ઈમાન, પેજ–૭,૮, પ્રથમ પ્રકરણ : તૌહીદ તથા શિર્કના વર્ણનમાં, રાશિદ કંપની, દેવબંદ)*

એટલા માટે અમે અહીં કિતાબ તથા સુન્નતથી કેટલાક દલીલો પેશ કરીએ છીએ.

## ★ કુર્આની આયતોથી સાબિતી ★

**આયત–૧ :** لَا يَمْلِكُوْنَ الشَّفَاعَةَ اِلَّا مَنِ اتَّخَذَ عِنْدَ الرَّحْمٰنِ عَهْدًا ﴿٨٧﴾

''લોકો શફાઅતના માલિક નથી પણ તે જ જેમણે રહમાનની પાસે ક઼રાર કરી રાખ્યો છે.'' *(સૂ. મરયમ, ૧૯/૮૭)*

એટલે જેમને શફાઅતનું અનુમોદન (ઈઝ્ન) મળી ચૂકેલ છે તેઓ જ શફાઅત કરશે. અથવા એ અર્થ છે કે શફાઅત કેવળ મોમિનોની જ થશે અને તેઓ જ એનાથી ફાયદો ઉઠાવશે. હદીષ શરીફમાં છે : ''જે ઈમાન લાવ્યો, જેણે લાઈલાહ ઈલ્લલ્લાહ કહ્યું તેના માટે અલ્લાહની નજીક અહદ (ક઼રાર) છે.''

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, સૂ. મરયમ, ૧૯/૮૭)*

**આયત–૨ :** يَوْمَئِذٍ لَّا تَنْفَعُ الشَّفَاعَةُ اِلَّا مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَ رَضِيَ لَهٗ قَوْلًا ﴿١٠٩﴾

''એ દિવસે કોઈની શફાઅત કામ ન આવશે પણ તેની જેને રહમાને (શફાઅત કરવાની) અનુમતિ (ઈઝ્ન) આપી દેવામાં આવેલ છે અને તેની વાત પસંદ કરી.'' *(સૂ. તાહા, ૨૦/૧૦૯)*

આ આયતે કરીમાની સાબિત થાય છે કે ક઼યામતના દિવસે રહમાન ﷻ પોતાના પસંદીદા બંદાઓને શફાઅતનો હુકમ (અનુમતિ) આપશે અને તેઓ શફાઅત કરશે.

**આયત-૩ :-**

وَ لَا تَنْفَعُ الشَّفَاعَةُ عِنْدَهٗۤ اِلَّا لِمَنْ اَذِنَ لَهٗ ؕ حَتّٰۤی اِذَا فُزِّعَ عَنْ قُلُوْبِهِمْ قَالُوْا مَا ذَا ۙ قَالَ رَبُّكُمْ ؕ قَالُوا الْحَقَّ ۚ وَ هُوَ الْعَلِیُّ الْكَبِیْرُ ﴿۲۳﴾

''અને તેની પાસે શફાઅત કામ નથી આપતી, પણ જેના માટે તે આજ્ઞા કરે ત્યાં સુધી કે જ્યારે આજ્ઞા આપીને તેમના દિલોની ગભરાહટ દૂર કરી દેવામાં આવે છે એક બીજાથી (શુભ સમાચાર રૂપે) કહે છે, તમારા રબે કેવી વાત ફર્માવી ! તેઓ કહે છે, જે ફર્માવ્યું હક્ક઼ ફર્માવ્યું. (એટલે શફાઅત કરનારાઓને ઈમાનદારોની શફાઅતની આજ્ઞા આપી) અને તે જ છે ઉચ્ચ મહાનતાવાળો'' *(સૂ. સબા, ૩૪/૨૩)*

**આયત-૪ :-**

وَ كَمْ مِّنْ مَّلَكٍ فِی السَّمٰوٰتِ لَا تُغْنِیْ شَفَاعَتُهُمْ شَیْـًٔا اِلَّا مِنْۢ بَعْدِ اَنْ یَّاْذَنَ اللّٰهُ لِمَنْ یَّشَآءُ وَ یَرْضٰی ﴿۲۶﴾

''અને કેટલાય ફરિશ્તા છે આસ્માનોમાં કે તેમની સિફારિશ કાંઈ કામ નથી આવતી પણ જ્યારે કે અલ્લાહ ઈજાઝત આપી દે જેના માટે ચાહે અને પસંદ ફર્માવે.'' *(સૂ. નજ્મ, ૫૩/૨૬)*

જ્યારે ફરિશ્તા બારગાહે ઈલાહીમાં કુર્બ તથા મંઝિલત ધરાવે છે તેમ છતાં પણ કેવળ એના માટે શફાઅત કરશે જેના માટે અલ્લાહ તઆલાની મરજી હોય એટલે કે મો'મિન મુવહ્હિદના માટે તો જેઓ અલ્લાહથી દૂર અને તેના મુન્કિર છે તેમનાથી શફાઅતની ઉમ્મીદ રાખવી બેકાર છે.

આ કુર્આની આયતો એ બાબતની સાબિતી પૂરી પાડે છે કે શફાઅત હક્ક઼ છે. અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે પોતાના પસંદીદા બંદાઓ, મો'મિનોની શફાઅતના માટે અનુમતિ (આજ્ઞા) આપશે, અને જ્યારે શફાઅત તેની અનુમતિથી (ઈઝ્નથી) થશે તો કબૂલ પણ ફર્માવશે.

**આયત-૫ :-**

وَ لَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِیْمًا ﴿۶۴﴾

"અને જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે તો હે મહબૂબ ! જો તે તમારી સમક્ષ હાજર થાય અને પછી અલ્લાહથી માફી ચાહે અને **રસૂલ તેમની શફાઅત કરે તો જરૂર અલ્લાહને ઘણો જ તૌબા કબૂલ કરનારો મહેરબાન પામશે."** *(સૂ. નિસાઅ, ૪/૬૪)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે અલ્લાહની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺનો વસીલો અને આપની શફાઅત મતલબ પૂર્ણ થવાનો ઝરીયો છે કે બીજાના માટે ઈસ્તિગફાર (માફીની માગણી) હકીકતમાં શફાઅત જ છે.

**આયત–૬ :** وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ۝ وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ۝

"અને બેશક ! પાછલી ઘડી તમારા માટે પહેલી ઘડી કરતાં બેહતર છે. અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો."

*(સૂ. દુહા, ૯૩/૪,૫)*

આ આયતે કરીમામાં ખુદાએ ઝુલજલાલે પોતાના પ્યારા રસૂલ સૈયદના અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺને બશારત આપી છે કે, હે મહબૂબ ! આપના માટે આખેરત દુનિયાથી બેહતર છે, કેમ કે આખેરતમાં અલ્લાહ તઆલા આપને શફાઅતનો મન્સબ (હોદ્દો) અતા કરશે પછી આપની શફાઅતને કબૂલ કરીને આપને રાજી કરી આપશે.

## ★ હદીષે નબવીથી આયતે કરીમાની તફસીર ★

જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ પોતાના બંને હાથ દુઆ માટે ઊંચા કર્યા અને અર્ઝ કરી :

اللّٰهُمّ اُمَّتِي اُمَّتي وَ بَكىٰ. فقال الله : يا جبريلُ، اِذهَبْ إلىٰ محمّدٍ، وَ ربُّك أعلمُ فاسْأَله : مَا يُبْكِيْكَ، فَأَتَاهُ جِبرِيلُ عليه السلامُ، فَسَأَلَهُ. فَأَخْبَرَهُ رسولُ الله صلىّ الله تعالى عليه وسلّمَ بِمَا قَالَ و هو أعلمُ فقال الله تعالىٰ : يَا جِبْرِيلُ : إِذْهَبْ إلى محمّد، فَقُلْ : إِنَّا سَنُرْضِيْكَ فِي أُمَّتِكَ وَلَا نَسُوْءُكَ .

"હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે ! મારી ઉમ્મતને બખ્શી દે !" અને

રડી પડયા. તો અલ્લાહે ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મુહમ્મદ ﷺની પાસે જાવ અને અર્ઝ કરો કે આપના રડવાનો સબબ શું છે ? જ્યારે કે અલ્લાહ તઆલાને એનો સારી રીતે ઈલ્મ છે. તો હઝરત જિબ્રઈલે બારગાહે રિસાલતમાં હાજર થઈને રડવાનો સબબ પૂછયો અને રસૂલુલ્લાહ ﷺએ જે કાંઈ બતાવ્યું તેને અલ્લાહ ﷻની બારગાહમાં રજૂ કરી આપ્યું. જ્યારે કે એને આનો સારી રીતે ઈલ્મ છે. તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મુહમ્મદ (ﷺ)ની ખિદમતમાં જઈને મારો આ પયગામ પહોંચાડી દો કે, ''હે મહબૂબ ! આપની ઉમ્મતની બખ્શિશના બારામાં અમે નજીકમાં તમને રાજી કરી દઈશું, અને આપને રંજમય થવા નહીં દઈએ.'' *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત)*

**આયત–૭ :** عَسٰٓى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا ﴿٧٩﴾ ''નજીક છે કે તમને તમારો રબ એવી જગાએ ઉભા કરે જ્યાં સૌ તમારી હમ્દ (પ્રશંસા) કરે.''

*(સૂ. ઈસ્રા, ૧૭/૭૯)*

આ આયતે કરીમામાં હુઝૂર સૈયદે આલમ ﷺને ''મક઼ામે મહમૂદ'' પર બિરાજમાન કરવાની બશારત આપવામાં આવી છે.

આ સહીહ હદીષથી સાબિત છે કે મકામે મહમૂદથી મુરાદ ''શફાઅતનો મન્સબ (હોદ્દો)'' છે. આ હદીષ આગળ આવી રહી છે.

## ★ મુબારક હદીષોથી શફાઅતના હોદ્દાની સાબિતી ★

**હદીષ–૧ :–**

عن ابی هريرة ، رضی الله عنه. أنه. قال : قلتُ : يا رسولَ اللّٰه، من اسعدُ الناس بشفا عنك يوم القيامه ؟ فقال : لقد ظننتُ يا ابا هريرة. أن لا يسألني عن هذا الحديت أحدٌ أول منك، لما رأيت من حرصك الى الحديث. اسعدُ الناس بشفا عتي يوم القيامة مَن قال : لآ إله الا اللّٰه، خللصاً من قِبل نبل نفسه

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે. તે ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ક઼યામતના દિવસે આપની શફાઅતનો સૌથી વિશેષ હક઼દાર કોણ

હશે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ ! મને એ ગુમાન હતું કે આ હદીષના બારામાં તમારાથી પહેલાં કોઈ નહીં પૂછે, કેમ કે હું જાઉં છું કે તમે ઈલ્મે હદીષના લાલચુ છો. કયામતના દિવસે મારી શફાઅતનો સૌથી વધુ હક્કદાર તે હશે જેણે ખુલૂસ દિલથી لَا إِلٰهَ إِلَّا اللهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللهِ પઢયું હશે.'' *(સહીહ બુખારી, ૨/૯૭૨)*

મુસ્નદે અહમદ બિન હંબલમાં સરકાર ﷺનો જવાબ આ શબ્દોમાં છે :

شَفَاعَتِي لِمَنْ يَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ مُخْلِصًا يُصَدِّقُ قَلْبُهُ لِسَانَهُ، وَ لسانه قلبه.

''મારી શફાઅત દરેક કલ્મા ગોના માટે છે જે સાચા દિલથી કલ્મો પઢે કે ઝબાનનું સમર્થન દિલ કરતુ હોય અને દિલનું સમર્થન જીભ કરતી હોય. *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૭૫૮, હદીષ : ૧૦૭૨૪ તથા પેજ–૬૦૧, હદીષ : ૮૦૫૬, બયતુલ ઈફકારુદ્દવલિયા)*

**હદીષ–૨ :–**

عن جابر بن عبد الله الأنصاري، قال: قال رسول الله صلى الله تعالى عليه وسلّمَ : أعطيت خمسًا لم يُعْطَهنّ أحد قبلي ... إلى قوله :وأعطيتُ الشَّفاعة.

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મને પાંચ ખૂબીઓ એવી અતા થઈ કે મારાથી પહેલાં કોઈને અર્પણ ન થઈ...... એમનામાંથી એક એ છે કે, **મને શફાઅતનો હોદ્દો (મન્સબ) અતા કરવામાં આવ્યો.** *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન... મજલિસે બરકાત, મુબારકપુર, સહીહ બુખારી, ૨/૯૩૨, કિતાબુદ્દઅવાત, સહીહ બુખારી, ૨/૧૧૨, કિતાબુત્તૌહીદ)*

**હદીષ–૩ :–**

عَنْ أَنَسِ بْنِ مَالِكٍ قَالَ : قَالَ رَسُوْلُ اللّٰهِ ـ صلَّى الله عليه وسلَّمَ ـ أَنَا أَوَّلُ النَّاسِ يَشْفَعُ فِي الْجَنَّةِ وَأَنَا أَكْثَرُ الأَنْبِيَاءِ تَبَعًا

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અકદસ

ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, જન્નતના બારામાં સૌ પ્રથમ શફાઅત કરનાર હું છું અને અંબિયાના ગિરોહમાં મારા પેરોકાર (અનુસરણ કરનાર) સૌથી અધિક છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૨, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત)*

આ હદીષોથી સાબિત થાય છે કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને પોતાની બારગાહના શફીઅ (શફાઅત કરનાર) બનાવ્યા છે.

**હદીષ–૪ :–**

عَنْ عبدِ اللّٰه بن عَمرو بن العاص؛ أن النَّبى ـ صلَّى الله عليه وسلَّمَ .. رفع يديه وقال: »اللهم أمتي أمتي«. وبكى. (إلى آخر الحديث) (1)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ પોતાના બંનેવ હાથ ઊંચા કરીને આ દુઆ કરી : "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે ! હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે ! અને રડી પડયા." *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન.........મજલિસે બરકાત)*

આ હદીષ છઠ્ઠી આયતની તફસીરમાં વર્ણન પામી ચૂકી.

**હદીષ–૫ :–**

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صلى الله عليه وسلّم ـ لِكُلِّ نَبِيٍّ دَعْوَةٌ مُسْتَجَابَةٌ فَتَعَجَّلَ كُلُّ نَبِيَّ دَعْوَتَهُ وَإِنِّي اخْتَبَأْتُ دَعْوَتِي. شَفَاعَةً لِأُمَّتِي يَوْمَ الْقِيَامَةِ. فَهِيَ نَائِلَةٌ إِنْ شَاءَ اللّٰهُ مَنْ مَاتَ مِنْ أُمَّتِي لَا يُشْرِكُ بِاللّٰهِ شَيْئًا. (٣)

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે દરેક નબીના માટે એક મકબૂલ દુઆ છે. તો દરેક નબીએ પોતાની એ દુઆમાં જલ્દી કરી અને મેં એને બચાવીને રાખી. **મારી એ દુઆ ક્યામતના દિવસે મારી ઉમ્મતના માટે મારી શફાઅત છે.** તો એ શફાઅત ઈન્શા અલ્લાહ ! મારી ઉમ્મતની સર્વ એવી વ્યક્તિઓના માટે હશે જેઓ અલ્લાહની સાથે કાંઈ પણ શરીક નથી કરતા.

આ હદીષમાં ઈન્શા અલ્લાહ !નો ઉપયોગ તબર્રુકના રૂપે થયો છે. સાથે

સાથે રબનો હુકમ : وَ لَا تَقُوْلَنَّ لِشَایْءٍ اِنِّیْ فَاعِلٌ ذٰلِكَ غَدًا ﴿٢٣﴾ اِلَّآ اَنْ یَّشَآءَ اللّٰهُ ز (અને હે મહબૂબ ! કદાપિ કોઈ વાત ન કહેશો કે હું કાલે આવું કરીશ પણ ''ઈન્શા અલ્લાહ !''ની સાથે. સૂ. કહફ, ૧૮/૨૩)ના પાલનનો પણ હેતુ છે. *(અલ્ મિન્હાજ શરએ સહીહ મુસ્લિમ બિન અલ્ હિજાઝ લિલ ઈમામિન્નવવી, ૧/૧૧૩, મજલિસે બરકાત)*

وفي حديث آخر: أَن أُخْتَبِئَ دَعْوَتِي شَفَاعَةً لِّأُمَّتِي يَوْمَ الْقِيَامَةِ. فَقَالَ كَعْبُ لأَبِي هُرَيْرَةَ: أَنْتَ سَمِعْتَ هَذَا مِنْ رَسُولِ اللّٰهِ صلّى الله عليه وسلَّمَ قَالَ أَبُو هُرَيْرَةَ: نَعَمْ

બીજી હદીષમાં છે : મેં મારી દુઆ ક઼યામતના દિવસે મારી ઉમ્મતની શફાઅતના માટે રાખી દીધેલી છે. હઝરત કઅબે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہને કહ્યું, શું તમે જાતે પોતે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું ? હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવ્યું, હા ! (મેં ખુદ સાંભળ્યું છે.) *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન .......મજલિસે બરકાત)*

## (૬) શફાઅતે કુબરાની મહાન હદીષ

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ ... قَالَ رَسُولُ اللّٰهِ صلى الله عليه وسلَّمَ: يَجْمَعُ اللّٰهُ يَوْمَ الْقِيَامَةِ الأَوَّلِينَ وَالآخِرِينَ فِي صَعِيدٍ وَاحِدٍ فَيُسْمِعُهُمُ الدَّاعِي وَيَنْفُذُهُمُ الْبَصَرُ وَتَدْنُو الشَّمْسُ فَيَبْلُغُ النَّاسَ مِنَ الْغَمِّ وَالْكَرْبِ مَا لَا يُطِيقُونَ وَمَا لَا يَحْتَمِلُونَ فَيَقُولُ بَعْضُ النَّاسِ لِبَعْضٍ: أَلَا تَرَوْنَ مَا أَنْتُمْ فِيهِ، أَلَا تَرَوْنَ مَا قَدْ بَلَغَكُمْ، أَلَا تَنْظُرُونَ إِلَى مَنْ يَشْفَعُ لَكُمْ يعني إِلَى رَبِّكُمْ، فَيَقُولُ بَعْضُ النَّاسِ لِبَعْضٍ: ائْتُوا آدَمَ.

فَيَأْتُونَ آدَمَ فَيَقُولُونَ: يَا آدَمُ أَنْتَ أَبُو الْبَشَرِ، خَلَقَكَ اللّٰهُ بِيَدِهِ وَنَفَخَ فِيكَ مِنْ رُوحِهِ وَأَمَرَ الْمَلَائِكَةَ فَسَجَدُوا لَكَ، اشْفَعْ لَنَا إِلَى رَبِّكَ، أَلَا تَرَى إِلَى مَا نَحْنُ فِيهِ، أَلَا تَرَى إِلَى مَا قَدْ بَلَغَنَا. فَيَقُولُ آدَمُ: إِنَّ رَبِّي غَضِبَ الْيَوْمَ غَضَبًا لَمْ يَغْضَبْ قَبْلَهُ مِثْلَهُ وَلَنْ يَغْضَبَ بَعْدَهُ مِثْلَهُ وَإِنَّهُ نَهَانِي عَنِ الشَّجَرَةِ فَعَصَيْتُهُ نَفْسِي، نَفْسِي اذْهَبُوا إِلَى غَيْرِي اذْهَبُوا إِلَى نُوحٍ.

فَيَأْتُونَ نُوحًا، فَيَقُولُونَ يَا نُوحُ أَنْتَ أَوَّلُ الرُّسُلِ إِلَى الْأَرْضِ وَسَمَّاكَ اللَّهُ عَبْدًا شَكُورًا، إِشْفَعْ لَنَا إِلَى رَبِّكَ، أَلَا تَرَى مَا نَحْنُ فِيهِ، أَلَا تَرَى مَا قَدْ بَلَغَنَا فَيَقُولُ لَهُمْ: إِنَّ رَبِّي قَدْ غَضِبَ الْيَوْمَ غَضَبًا لَمْ يَغْضَبْ قَبْلَهُ مِثْلَهُ وَلَنْ يَغْضَبَ بَعْدَهُ مِثْلَهُ وَإِنَّهُ قَدْ كَانَتْ لِي دَعْوَةٌ دَعَوْتُ بِهَا عَلَى قَوْمِي نَفْسِي نَفْسِي إِذْهَبُوا إِلَى إِبْرَاهِيمَ صلى الله عليه وسلّم.

فَيَأْتُونَ إِبْرَاهِيمَ فَيَقُولُونَ: أَنْتَ نَبِيُّ اللَّهِ وَخَلِيلُهُ مِنْ أَهْلِ الْأَرْضِ، إِشْفَعْ لَنَا إِلَى رَبِّكَ، أَلَا تَرَى إِلَى مَا نَحْنُ فِيهِ، أَلَا تَرَى إِلَى مَا قَدْ بَلَغَنَا فَيَقُولُ لَهُمْ إِبْرَاهِيمُ: إِنَّ رَبِّي قَدْ غَضِبَ الْيَوْمَ غَضَبًا لَمْ يَغْضَبْ قَبْلَهُ مِثْلَهُ وَلَا يَغْضَبُ بَعْدَهُ مِثْلَهُ، وَذَكَرَ كَذِبَاتِهِ. نَفْسِي نَفْسِي اذْهَبُوا إِلَى غَيْرِي اذْهَبُوا إِلَى مُوسَى.

فَيَأْتُونَ مُوسَى ـ صلى الله عليه وسلَّمَ ـ فَيَقُولُونَ: يَا مُوسَى أَنْتَ رَسُولُ اللَّهِ فَضَّلَكَ اللَّهُ بِرِسَالَاتِهِ وَبِتَكْلِيمِهِ عَلَى النَّاسِ، اشْفَعْ لَنَا إِلَى رَبِّكَ، أَلَا تَرَى إِلَى مَا نَحْنُ فِيهِ، أَلَا تَرَى مَا قَدْ بَلَغَنَا فَيَقُولُ لَهُمْ مُوسَى ـ صلَى الله عليه وسلَّمَ ـ إِنَّ رَبِّي قَدْ غَضِبَ الْيَوْمَ غَضَبًا لَمْ يَغْضَبْ قَبْلَهُ مِثْلَهُ وَلَنْ يَغْضَبَ بَعْدَهُ مِثْلَهُ وَإِنِّي قَتَلْتُ نَفْسًا لَمْ أُومَرْ بِقَتْلِهَا. نَفْسِي نَفْسِي إِذْهَبُوا إِلَى عِيسَى ـ صلى الله عليه وسلم.

فَيَأْتُونَ عِيسَى، فَيَقُولُونَ: يَا عِيسَى، أَنْتَ رَسُولُ اللَّهِ وَكَلَّمْتَ النَّاسَ فِي الْمَهْدِ وَكَلِمَةٌ مِنْهُ أَلْقَاهَا إِلَى مَرْيَمَ وَرُوحٌ مِنْهُ فَاشْفَعْ لَنَا إِلَى رَبِّكَ، أَلَا تَرَى مَا نَحْنُ فِيهِ، أَلَا تَرَى مَا قَدْ بَلَغَنَا. فَيَقُولُ لَهُمْ عِيسَى ـ صلّى الله عليه وسلَّمَ إِنَّ رَبِّي قَدْ غَضِبَ الْيَوْمَ غَضَبًا لَمْ يَغْضَبْ قَبْلَهُ مِثْلَهُ وَلَنْ يَغْضَبَ بَعْدَهُ مِثْلَهُ وَلَمْ يَذْكُرْ لَهُ ذَنْبًا نَفْسِي نَفْسِي اذْهَبُوا إِلَى غَيْرِي اذْهَبُوا إِلَى مُحَمَّدٍ صلَى الله عليه وسلَّمَ ـ

فَيَأْتُونِي، فَيَقُولُونَ: يَا مُحَمَّدُ أَنْتَ رَسُولُ اللَّهِ وَخَاتَمُ الْأَنْبِيَاءِ وَغَفَرَ اللَّهُ لَكَ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِكَ وَمَا تَأَخَّرَ اشْفَعْ لَنَا إِلَى رَبِّكَ، أَلَا تَرَى مَا نَحْنُ فِيهِ، أَلَا تَرَى مَا

قَدْ بَلَغَنَا فَأَنْطَلِقُ فَآتِي تَحْتَ الْعَرْشِ فَأَقَعُ سَاجِدًا لِرَبِّي ثُمَّ يَفْتَحُ اللّٰهُ عَلَيَّ وَيُلْهِمُنِي مِنْ مَحَامِدِهِ وَحُسْنِ الثَّنَاءِ عَلَيْهِ شَيْئًا لَمْ يَفْتَحْهُ لِأَحَدٍ قَبْلِي. ثُمَّ قَالَ: يَا مُحَمَّدُ اِرْفَعْ رَأْسَكَ. سَلْ تُعْطَهُ اشْفَعْ تُشَفَّعْ فَأَرْفَعُ رَأْسِي فَأَقُولُ: أُمَّتِي فَيُقَالُ: يَا مُحَمَّدُ أَدْخِلِ الْجَنَّةَ مِنْ أُمَّتِكَ مَنْ لَا حِسَابَ عَلَيْهِ مِنَ الْبَابِ الْأَيْمَنِ مِنْ أَبْوَابِ الْجَنَّةِ وَهُمْ شُرَكَاءُ النَّاسِ فِيمَا سِوَى ذَٰلِكَ مِنَ الْأَبْوَابِ.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનું બયાન છે કે... અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા કયામતના દિવસે સર્વ અવ્વલીન તથા આખરીન (આગલા તથા પાછલા)ને એક વિશાળ સપાટ મેદાનમાં ભેગા કરશે. સૌ પોકારનારનો અવાજ સાંભળશે અને સૌ એકબીજાની નજરો સમક્ષ હશે. સૂરજ (માથાંઓ) નજીક આવી જશે અને લોકોની મુસીબત તથા પરેશાની શક્તિ બહાર અને સહન શક્તિની હદની બહાર પહોંચી જશે. ત્યારે તેઓ એકબીજાને કહેશે કે તમે જોતા નથી કે કેવી આફત તથા મુસીબતમાં છીએ અને કયા હાલ પર પહોંચ્યા ! તમે એવી મોઅઝ્ઝમ (મહાનતાવાળી) હસ્તીને કેમ નથી જોતા જે રબ્બે કરીમની બારગાહમાં તમારી શફાઅત કરે. ત્યારે તેઓ આપસમાં કહેશે કે :–

હઝરત આદમ અલા નબિય્યિના علیہ السلامની બારગાહમાં ચાલો. તો તે લોકો હઝરત આદમ علیہ السلامની બારગાહમાં હાજર થઈને અરજ કરશે કે, હુઝૂર ! આપ અબુલ બશર છો, અલ્લાહ તઆલાએ આપને પોતાના દસ્તે કુદરતથી પેદા કર્યા અને પોતાની રૂહ આપના શરીરમાં ફૂંકી અને ફરિશ્તાઓને હુકમ આપીને આપના માટે સજદએ તા'ઝીમી કરાવ્યો. હુઝૂર ! તમારા રબની બારગાહમાં અમારા માટે શફાઅત કરો ! આપ જોતા નથી કે અમે કેવી આફતમાં છીએ અને અમારો કેવો બુરો હાલ છે ?!

હઝરત આદમ علیہ السلام ફર્માવશે કે મારા રબે આજે એટલા પ્રમાણમાં ગઝબને પ્રદર્શિત કર્યો છે કે ગઝબનું આવું પ્રદર્શન ન પહેલાં કદી કર્યું ન બાદમાં

કદી કરે. એણે મને "શજરહ" (ઝાડ)★ની નજીક જવાથી મના કર્યું હતું પણ (ભૂલથી) તેની વિરૂધ્ધ થઈ ગયું. આજે મને મારી જાનની ફિકર છે અને મારી જાનનો ડર છે. તમે લોકો કોઈ અન્યની પાસે જાવ.

તો લોકો હઝરત નૂહ علیہ السلامની પાસે જશે અને અર્ઝ કરશે, હે નૂહ ! આપ જમીનવાળાઓ તરફ સૌથી પહેલા રસૂલ છો. અલ્લાહે આપનું નામ "અબ્દે શકૂર" રાખ્યું. આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો. આપ જોતા નથી કે અમે કેવા ગમ તથા પરેશાનીમાં છીએ ! આપ જોતા નથી કે અમે કેવા તબાહ હાલ થઈ ચૂક્યા. તો હઝરત નૂહ علیہ السلام ફર્માવશે કે આજે મારા રબે તે ગઝબ ફર્માવ્યો છે કે આવો ગઝબ ન પહેલાં કદી કર્યો ન બાદમાં કદી કરે. મેં મારી કોમની બર્બાદીની દુઆ કરી દીધી હતી, મને મારી જાનના ફિકર છે. તમે લોકો હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પાસે જાવ.

ત્યારે એ લોકો હઝરત ઈબ્રાહીમ علیہ السلامની બારગાહમાં હાજર થશે અને અર્ઝ કરશે કે આપ અલ્લાહના નબી અને જમીનવાળાઓમાં તેના ખલીલ છો. આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો. આપ જોતા નથી કે અમે કેવી બલામાં સપડાયેલા છીએ ! આપ જોતા નથી કે અમારો હાલ કેટલો બદતર થઈ ચૂક્યો છે !

તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام ફર્માવશે કે બેશક ! આજે મારા રબે તે ગઝબ કર્યો છે કે એવો ગઝબ ન પહેલાં કદી કર્યો ન બાદમાં કદી કરે. તે પોતાની ત્રણ વાતોનો હવાલો આપીને ઉઝર (બહાનુ પ્રદર્શિત) કરશે જે તેમની પોતાની મુરાદના લેહાઝથી સાચુ પણ સામેવાળાની સમજના લેહાઝથી હક઼ીક઼તથી વિરૂધ્ધ

---

★ *આ ખુદાએ કરીમના આ ઈર્શાદની પ્રતિ નિર્દેશ છે : وَلَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ "આ ઝાડની નજીક ન જશો." (સૂ. બક઼રહ, ૨/૩૫) પણ આપ ભૂલથી તેની નજીક ચાલ્યા ગયા જેવું કે બીજી આયતે કરીમામાં તેની સ્પષ્ટતા છે : وَلَقَدْ عَهِدْنَآ اِلٰٓى اٰدَمَ مِنْ قَبْلُ فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهٗ عَزْمًا﴿۱۱۵﴾ "અને બેશક ! અમે આદમને આનાથી પહેલાં એક તાકીદી હુકમ આપ્યો હતો તો ભૂલી ગયા, અને અમે તેનો ઈરાદો ન પામ્યો. (સૂ. તાહા, ૨૦/૧૧૫, કન્ઝુલ ઈમાન)*

હશે. તે કહેશે કે આજે મને મારી ફિકર છે, આજે મને મારો ગમ છે, તમે લોકો હઝરત મૂસા علیہ السلام ની પાસે જાવ.

હવે લોકો હઝરત મૂસા علیہ السلام ની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરશે કે, હે મૂસા ! આપ અલ્લાહના રસૂલ છો. અલ્લાહ તઆલાએ આપને પોતાની રિસાલતો તથા પોતાના કલામથી મુશર્રફ કરીને લોકો પર ફઝીલત બખ્શી. તમારા રબની બારગાહમાં અમારા માટે શફાઅત કરો. આપ જોતા નથી કે અમે કેવા આફતોમાં સપડાયેલા છીએ અને બુરા હાલના શિકાર છીએ.

તો હઝરત મૂસા علیہ السلام તેમને ફર્માવશે, બેશક ! આજે મારા રબે ગઝબનો ઈઝહાર કયો છે કે એવો ગઝબનો ઈઝહાર ન આના પહેલાં કદી કર્યો ન ભાવિમાં કદી કરશે. મેં તો એક એવા શખ્સને (વિના ઈરાદે) કત્લ કરી દીધો હતો જેનો મને હુકમ ન હતો. આજે મને મારી જાનની ફિકર છે અને પોતાની પરવા છે. તમે લોકો હઝરત ઈસા علیہ السلام ની પાસે જાવ.

તો લોકો હઝરત ઈસા علیہ السلام ની સેવામાં હાજર થશે અને અર્ઝ કરશે, હે ઈસા ! આપ અલ્લાહના રસૂલ છો. આપે પારણામાં લોકો સાથે વાત કરી. આપ અલ્લાહનો કલમો છો જે તેણે હઝરત મરયમને ઈલ્કા કર્યો અને તેના તરફથી રૂહ છો. તો આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરી આપો. આપ જોતા નથી કે અમે કઈ મુસીબતમાં સપડાયેલા છીએ. આપ નથી જોતા કે અમે કયા હાલમાં પહોંચી ચૂક્યા !

તો હઝરત ઈસા علیہ السلام તેમને ફર્માવશે કે આજે મારા રબે જેટલો સખત ગઝબ પ્રદર્શિત કર્યો છે એવો કદી પહેલાં કર્યો ન બાદમાં કદી કરશે. તે પોતાની કોઈ લગ્ઝિશનો ઉલ્લેખ કરશે નહીં. મને મારી જાનનો ડર છે, તમે લોકો બીજા પાસે જાવ. તમે લોકો સૈયદના મુહમ્મદ صلی اللہ علیہ وسلم ની સેવામાં હાજર થાવ.

સરકાર صلی اللہ علیہ وسلم વર્ણવે છે કે હવે એ સૌ લોકો મારી પાસે હાજર થશે અને અર્ઝ કરશે, હે મુહમ્મદ ! આપ અલ્લાહના રસૂલ તથા ખાતમન્નબીય્યીન છો, અને અલ્લાહ તઆલાએ (ઈનામ રૂપે) આપના આગલા તથા પાછલાઓના ગુનાહ બખ્શી આપ્યા. આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો.

હુઝૂર ! જુઓ કે અમે કેવા આફતોમાં સપડાયેલા છીએ, અને અમારો શું હાલે ઝાર છે ? તો હવે હું અર્શે આ'ઝમની તરફ ચાલીશ અને ત્યાં પહોંચીને પોતાના રબના માટે સજદામાં પડી જઈશ. પછી અલ્લાહ તઆલા પોતાની હમ્દો ષના માટે મારા સીનાને એવો ખોલી આપશે અને એવા એવા શાનદાર કલમાઓ ઈલ્હામ ફર્માવશે કે મારાથી પહેલાં કોઈનો સીનો એવા કલમાઓ માટે ન ખોલ્યો ન તેણે કોઈને ઈલ્હામ કર્યો. પછી અલ્લાહ તઆલા ફર્માવશે : હે મુહમ્મદ ! તમારું માથુ ઉઠાવો ! અને શફાઅત કરો, તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે. તો હું મારુ માથુ ઉઠાવીને અર્ઝ કરીશ :

હે મારા પરવરદિગાર ! મારી ઉમ્મતને બખ્શી આપ ! મારી ઉમ્મતને બખ્શી દે ! તો હુકમ થશે કે હે મુહમ્મદ ! તમારી ઉમ્મતના તે સર્વ લોકોને જેમનો કોઈ હિસાબ નથી થયો (જમણા દરવાજે)થી જન્નતમાં દાખલ કરી આપો. અને એ લોકો જન્નતના બીજા દરવાજેથી પણ દાખલ થઈ શકે છે.

## ★ શફાઅતની હદીષ રિવાયત કરનાર સહાબીઓ ★

શફાઅતની હદીષો (૧) હઝરત અબૂ હરૈરહ رضی اللہ عنہ ઉપરાંત (૨) હઝરત અનસ (૩) હઝરત અબૂ સઈદ ખુદરી (૪) હઝરત સિદ્દીકે અકબર અને (૫) હઝરત ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن થી મરફુઅન અને (૬) હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ થી મૌકૂફન વિગતવાર સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, મસ્નદે અહમદ, જામેઅ તિર્મિઝી, સહીહ ઈબ્ને ખુઝૈમા, સહીહ ઈબ્ને હબ્બાન, મુસન્નફે ઈબ્ને અબી શયબા વગેરેમાં નક઼લ થયેલ છે.★

*★ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ પોતાના મુબારક રિસાલા "તજલ્લિયુલ યક઼ીન"માં આ લાભની વાત દર્શાવી : હદીષે મૌકૂફ, મુફસ્સલ, મુતવ્વલ અહમદ તથા બુખારી તથા મુસ્લિમ તથા તિર્મિઝીએ અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી, અને બુખારી, મુસ્લિમ ઈબ્ને માજહએ અનસ رضی اللہ عنہ થી, અને તિર્મિઝી તથા ઈબ્ને ખુઝૈમાએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી અને અહમદ તથા બઝ્ઝાર તથા ઈબ્ને હબ્બાન તથા અબૂ યઅ્લાએ સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી, અને અહમદ તથા અબૂ યઅ્લાએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરફુઅન્ ઈલા સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلم, અને અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક તથા ઈબ્ને અબી શયબા તથા ઈબ્ને અબી આસિમ તથા તિબ્રાનીએ સહીહ સનદ સાથે સલ્માન ફારસી رضی اللہ عنہ થી મૌકૂફન રિવાયત કરી. (તજલ્લિયુલ યક઼ીન બિઅન્ન નબિય્યિના સૈયદુલ મુરસલીન પેજ–૧૧૩, ૧૧૪, રઝવી દારુલ ઈશાઅત)*

**હદીષ–૭ :** અમે અહીં અધિક સ્પષ્ટતા માટે હઝરત અનસ હની હદીષના આખરી શબ્દો નકલ કરીએ છીએ :–

قَالَ رَسُولُ اللهِ صلى الله عليه وسلَّمَ: «فَيَأْتُونِي فَأَسْتَأْذِنُ عَلَى رَبِّي فَيُؤْذَنُ لِي، فَإِذَا أَنَا رَأَيْتُهُ وَقَعْتُ سَاجِدًا فَيَدَعُنِي مَا شَاءَ اللهُ فَيُقَالُ: يَا مُحَمَّدُ، إِرْفَعْ رَأْسَكَ قُلْ تُسْمَعْ، سَلْ تُعْطَهُ، إِشْفَعْ تُشَفَعْ. فَأَرْفَعُ رَأْسِي

فَأَحْمَدُ رَبِّي بِتَحْمِيدٍ يُعَلِّمُنِيهِ رَبِّي ثُمَّ أَشْفَعُ فَيَحُدُّ لِي حَدًّا فَأُخْرِجُهُمْ مِنَ النَّارِ وَأُدْخِلُهُمُ الْجَنَّةَ.

ثُمَّ أَعُودُ فَأَقَعُ سَاجِدًا فَيَدَعُنِي مَا شَاءَ اللّٰهُ أَنْ يَدَعَنِي ثُمَّ يُقَالُ: ارْفَعْ رَأْسَكَ يَا مُحَمَّدُ، قُلْ تُسْمَعْ، سَلْ تُعْطَهُ، اشْفَعْ تُشَفَعْ.

فَأَرْفَعُ رَأْسِي فَأَحْمَدُ رَبِّي بِتَحْمِيدٍ يُعَلِّمُنِيهِ ثُمَّ أَشْفَعُ فَيَحُدُّ لِي حَدًّا فَأُخْرِجُهُمْ مِنَ النَّارِ وَأُدْخِلُهُمُ الْجَنَّةَ۔ قَالَ: فَلَا أَدْرِي فِي الثَّالِثَةِ أَوْ فِي الرَّابِعَةِ قَالَ ۔ فَأَقُولُ: يَا رَبِّ مَا بَقِيَ فِي النَّارِ إِلَّا مَنْ حَبَسَهُ الْقُرْآنُ، أَيْ: وَجَبَ عَلَيْهِ الْخُلُودُ. قَالَ ابْنُ عُبَيْدٍ فِي رِوَايَتِهِ : قَالَ قَتَادَةُ: أَيْ وَجَبَ عَلَيْهِ الْخُلُودُ (١)

## ★ હુઝૂર મો'મિનોને દોઝખથી કાઢી જન્નતમાં દાખલ કરશે ★

અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે પછી લોકો મારી પાસે આવશે તો હું મારા રબ ﷻથી શફાઅતની અનુમતિ માગીશ અને તે મને શફાઅતની અનુમતિ અર્પણ કરી દેશે તો હું અલ્લાહ તઆલાના આ ખાસ ઈનામ તથા ઈકરામ પર સજદામાં પડી જઈશ અને તે જ્યાં સુધી ચાહશે મને સજદામાં રહેવા દેશે. પછી ફર્માવવામાં આવશે, હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો અને કહો આપની વાત સાંભળવામાં આવશે. જે કાંઈ માગવું હોય માગી લો, સૌ અતા કરી દેવામાં આવશે અને શફાઅત કરો શફાઅત કબૂલ કરવામાં આવશે.

તો હું મારું માથુ ઉઠાવીશ અને રબ ﷻની હમ્દો ષના એ કલમાઓ થકી કરીશ જે મને મારો રબ તાલીમ ફર્માવશે. પછી શફાઅત કરીશ તો મારા માટે

એક હદ નિશ્ચિત કરી આપશે. તો હું એ હદમાં આવનારા સર્વ લોકોને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરી દઈશ.

પછી હું ફરીવાર સજદામાં પડી જઈશ અને અલ્લાહ તઆલા જ્યાં સુધી ચાહશે મને સજદામાં રહેવા દેશે. પછી આદેશ થશે, હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો અને અરજ પેશ કરો આપની વાત સાંભળવા આવશે. જે કાંઈ માગવુ હોય માગી લો, સૌ અર્પણ કરી દેવામાં આવશે, અને શફાઅત કરો શફાઅત કબૂલ કરવામાં આવશે.

હવે હું મારુ માથુ ઉઠાવીશ અને મારા રબની હમ્દ એ રીતે કરીશ જેવી મને મારો રબ તાલીમ ફર્માવશે. પછી શફાઅત કરીશ તો મારા માટે એક હદ નિશ્ચિત કરી દેવામાં આવશે, પછી હું એ હદમાં આવનારા સર્વ લોકોને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરીશ. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૯, કિતાબુલ ઈમાન)*

રાવીને શંકા છે કે સરકાર ﷺએ ત્રીજી કે ચોથી વાર ફર્માવ્યું કે હું અર્ઝ કરીશ, પરવરદિગાર ! જહન્નમમાં હવે તે જ લોકો રહી ગયા છે જેમને કુર્આને હમેશાં માટે જહન્નમી ઠરાવી દીધા છે.

એક અન્ય રિવાયતમાં હદીષના રાવી અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہએ વિશ્વાસપૂર્વક આ પ્રમાણે વર્ણવ્યું છે :–

وَذَكَرَ فِي الرَّابِعَةِ « فَأَقُولُ يَا رَبِّ مَا بَقِيَ فِي النَّارِ إِلَّا مَنْ حَبَسَهُ الْقُرْآنُ أَيْ وَجَبَ عَلَيْهِ الْخُلُودُ.

ચોથીવાર હુઝૂર બારગાહે ઈલાહીમાં અર્ઝ કરશે કે પરવરદિગાર ! હવે જહન્નમમાં કેવળ તે જ લોકો રહી ગયા છે જેમને કુર્આને રોકી રાખ્યા છે, એટલે હમેશાં માટે તેમનું જહન્નમમાં રહેવું અનિવાર્ય કરી આપ્યું છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૯, કિતાબુલ ઈમાન, સહીહ બુખારી, ૨/૧૧૦૧, કિતાબુત્તૌહીદ)*

فَيَقُولُ اللّٰهُ عَزَّ وَجَلَّ: شَفَعَتِ الْمَلَائِكَةُ وَشَفَعَ النَّبِيُّونَ وَشَفَعَ الْمُؤْمِنُونَ وَلَمْ يَبْقَ إِلَّا أَرْحَمُ الرَّاحِمِينَ فَيَقْبِضُ قَبْضَةً مِنَ النَّارِ فَيُخْرِجُ مِنْهَا قَوْمًا لَمْ يَعْمَلُوا خَيْرًا قط قَدْ عَادُوا حُمَمًا فَيُلْقِيهِمْ فِي نَهْرٍ فِي أَفْوَاهِ الْجَنَّةِ يُقَالُ لَهُ نَهْرُ الْحَيَاةِ

તો અલ્લાહ ﷻ ફર્માવશે કે ફરિશ્તા શફાઅત કરી ચૂક્યા અને અંબિયા પણ શફાઅત કરી ચૂક્યા, અને મો'મિનો પણ શફાઅત કરી ચૂક્યા અને અર્હમુર્રાહિમીન સિવાય કોઈ બાકી ન રહ્યું.

પછી તે એ સર્વ લોકોને જહન્નમથી કાઢી નાખશે જેમણે કદી કોઈ ભલાઈનુ કાર્ય ન કર્યું હશે અને તેઓ સૌ બળીને કોલસો બની ચૂક્યા હશે પછી તેમને બાબે જન્નત પર આવેલા એક દરિયામાં જેને ''દરિયાએ હયાત'' કહેવામાં આવે છે તેમાં નાખી દેશે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૩, કિતાબુલ ઈમાન.... મજલિસે બરકાત)*

فَيُؤْتَى عِيسَى فَيَقُولُ: لَسْتُ لَهَا، وَلَكِنْ عَلَيْكُمْ بِمُحَمَّدٍ صلى الله عليه وسلم فَأُولَى. فَأَقُولُ: أَنَا لَهَا. فَأَنْطَلِقُ فَأَسْتَأْذِنُ عَلَى رَبِّي فَيُؤْذَنُ لِي، فَأَقُومُ بَيْنَ يَدَيْهِ فَأَحْمَدُهُ بِمَحَامِدَ لَا أَقْدِرُ عَلَيْهِ الآنَ، يُلْهِمُنِيهِ اللهُ ثُمَّ أَخِرُ لَهُ سَاجِدًا فَيُقَالُ لِي: يَا مُحَمَّدُ إِرْفَعْ رَأْسَكَ وَقُلْ يُسْمَعْ لَكَ وَسَلْ تُعْطَهُ وَاشْفَعْ تُشَفَعْ فَأَقُولُ: رَبِّ أُمَّتِي أُمَّتِي. فَيُقَالُ إِنْطَلِقْ فَمَنْ كَانَ فِي قَلْبِهِ مِثْقَالُ حَبَّةٍ مِنْ بُرَّةٍ أَوْ شَعِيرَةٍ مِنْ إِيمَانٍ فَأَخْرِجْهُ مِنْهَا. فَأَنْطَلِقُ فَأَفْعَلُ. ثُمَّ أَرْجِعُ إِلَى رَبِّي فَأَحْمَدُهُ بِتِلْكَ الْمَحَامِدِ ثُمَّ أَخِرُّ لَهُ سَاجِدًا فَيُقَالُ لِي: يَا مُحَمَّدُ ارْفَعْ رَأْسَكَ وَقُلْ يُسْمَعْ لَكَ وَسَلْ تُعْطَهُ وَاشْفَعْ تُشَفَعْ. فَأَقُولُ: أُمَّتِي أُمَّتِي.

فَيُقَالُ لِي: إِنْطَلِقْ فَمَنْ كَانَ فِي قَلْبِهِ مِثْقَالُ حَبَّةٍ مِنْ خَرْدَلٍ مِنْ إِيمَانٍ فَأَخْرِجْهُ مِنْهَا، فَأَنْطَلِقُ فَأَفْعَلُ. ثُمَّ أَعُودُ إِلَى رَبِّي فَأَحْمَدُهُ بِتِلْكَ الْمَحَامِدِ ثُمَّ أُخِرُّ لَهُ سَاجِدًا فَيُقَالُ لِي. رْفَعْ رَأْسَكَ وَقُلْ يُسْمَلَ لكَ وَسَلْ تُعْطَه . وَاشْفَعْ تُشَفَّعْ فَأَقُولُ: يَا رَبِّ ) رَبِّ أُمَّتِي أُمَّتِي. يَا مُحَمَّدُ فَيُقَالُ لِي: إِنْطَلِقْ فَمَنْ كَانَ فِي قَلْبِهِ أَدْنَى أَدْنَى نى أَدْنَى مِنْ مِثْقَالِ . مِنْ إِيمَانٍ فَأَخْرِجْهُ مِنَ النَّارِ فَأَنْطَلِقُ فَأَفْعَلُ. (١)

હઝરત અનસ رضی اللہ عنہની એક રિવાયતમાં શફાઅતની હદીષના શબ્દો આ પ્રમાણે છે : પછી લોકો હઝરત ઈસા علیہ السلامની ખિદમતમાં હાજર થશે તો તે ફર્માવશે, મારો એ હોદો નથી, પરંતુ તમે લોકો મુહમ્મદ ﷺની ખિદમતમાં જાવ.

હવે લોકો મારી પાસે હાજર થશે તો હું કહીશ, أَنَالَهَا હું આ શફાઅત કરીશ (આ શફાઅત મારો હોદ્દો છે.) હું સૌને સાથે લઈને ચાલીશ અને મારા રબથી શફાઅતની અનુમતિ માગીશ તો મને ઈજાઝત અતા કરવામાં આવશે. હવે હું અલ્લાહ ﷻની બારગાહમાં હાજર થઈને અલ્લાહની એવી એવી અઝીમો જલીલ (મહાન મહાન) પ્રશંસાઓ કરીશ જે અત્યારે હું નથી કરી શકતો. અલ્લાહ તઆલા મને તે પ્રશંસાના શબ્દો (કલમા) ઈલ્હામ કરશે. પછી હું તેની બારગાહમાં સજદામાં પડી જઈશ. તો મને કહેવામાં આવશે, હે મુહમ્મદ ! તમારું માથુ ઉઠાવો અને તમારી માગણી પેશ કરો, સાંભળવામાં આવશે. સવાલ કરો, અર્પણ કરવામાં આવશે અને શફાઅત કરો આપની શફાઅત કબૂલ કરવામાં આવશે. તો હું અર્ઝ કરીશ, હે પરવરદિગાર ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! (એટલે એને બખ્શી દે)

તો મને હુકમ થશે કે, હે મહબૂબ ! જાવ ! અને જેના દિલમાં ઘઉં અથવા જવના દાણા બરાબર પણ ઈમાન હોય તેને જહન્નમથી કાઢી લો.

પછી હું મારા રબ ﷻની બારગામાં હાજર થઈને તેના જ ઈલ્હામ કરેલા કલમાઓ વડે તેની હમ્દો ષનામાં લાગી જઈશ. પછી સજદામાં પડી જઈશ તો મને કહેવામાં આવશે, હે મુહમ્મદ ! તમારુ માથુ ઉઠાવો અને તમારી વાત કહો, તમારી વાત માનવામાં આવશે. જે કાંઈ માગવુ હોય માગી લો, અતા કરવામાં આવશે અને શફાઅત કરો કબૂલ કરવામાં આવશે. તો હું અર્ઝ કરીશ કે હે રબ ! મારી ઉમ્મતને બખ્શી દે ! હે રબ ! મારી ઉમ્મતને બખ્શી દે.

તો મને કહેવામાં આવશે કે મહબૂબ ! જાવ ! અને જેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન હોય તેને જહન્નમથી કાઢી નાખો. તો હું જઈને એવા સર્વ લોકોને જહન્નમથી બહાર કરી દઈશ.

પછી હું મારા રબની બારગાહમાં જઈને તેના તે જ ઈલ્હામી કલમાઓ વડે તેની તારીફ તથા તૌસીફ કરીશ. પછી સજદામાં ચાલ્યો જઈશ, તો ફર્માવવામાં આવશે કે, હે મુહમ્મદ ! માથુ ઉઠાવો અને કહો, તમારી વાત સાંભળવામાં આવશે, માગો ! અતા કરવામાં આવશે, અને શફાઅત કરો આપની શફાઅત કબૂલ કરવામાં આવશે. તો હું અર્ઝ કરીશ, હે રબ ! મારી ઉમ્મતને બખ્શી આપ ! હે

રબ ! મારી ઉમ્મતને બખ્શી આપ. તો ફર્માવવામાં આવશે, જાવ ! અને જેના દિલમાં રાઈના દાણા કરતાં પણ ઓછુ ઈમાન હોય તેને જહન્નમથી કાઢી લાવો. તો હું જઈને એવા સર્વ લોકોને જહન્નમથી બહાર કાઢી લાવીશ. *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૦, બાબો અસ્બાતિશ્શફાઅત....., મજલિસે બરકાત, મુબારકપુર, સહીહ બુખારી, ૨/૧૧૧૮)*

આ હદીષોથી ખૂબ જ સ્પષ્ટપણે સાબિત થાય છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ કયામતના દિવસે બિઈઝ્નિલ્લાહ (અલ્લાહના હુકમથી) શફાઅત કરશે અને અલ્લાહ તઆલા આપની શફાઅત કબૂલ કરશે. આપ શફાઅત કરશે અને અલ્લાહ તઆલા આપની શફાઅત કબૂલ કરશે. આ શફાઅત ઉમ્મતના ગુનેહગારોને જહન્નમથી કાઢવા માટે પણ હશે અને જહન્નમમાં જવાથી બચાવવાના માટે પણ હશે, અને હિસાબ કિતાબ શરૂ થવાના માટે પણ અને દરજાઓની બુલંદી માટે પણ હશે. આ સર્વ શફાઅતોની સાબિતી મુબારક હદીષોમાં મૌજૂદ છે.

## ★ શફાઅતની હદીષો મુતવાતિર છે અને શફાઅતની સાબિતી માટે અહલે સુન્નતનો ઈજમાઅ છે ★

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

وقد جاءت الأثارُ التي بلغت بمجموعها التّواترَ بصحّة الشَّفاعة في الآخِرة لمذنبي المؤمنين. وأجمع السَّلَفُ الصالح ومَن بعدَهم من أهل السُّنة عليها .

આખેરતમાં ઉમ્મતના ગુનેહગારોની શફાઅતના બારામાં આષાર (સહાબાના કથનો) એટલા પ્રમાણમાં આવેલ છે કે તે સામૂહિક રીતે તવાતુરની હદે પહોંચે છે અને સલફે સાલેહીન અને બાદના અહલે સુન્નતનો એના પર ઈજમાઅ પણ છે.

## ★ શફાઅતના વિશે વહાબીઓની માન્યતા ★

પરંતુ આ હદીષો અને સલફ તથા ખલફ (આગલા પાછલા બુઝુર્ગો)ની વિરૂધ્ધ વહાબીઓ શફાઅતના અકીદાને શિર્ક અને એ અકીદો રાખનારને મુશ્રિક ઠરાવે છે અને પોતાના તરફથી શફાઅતનો એવો અર્થ કરે છે જે ઉમ્મતના અકીદાથી વિરૂધ્ધ છે.

## ★ વહાબીઓના ઈમામની દલીલની હક઼ીક઼ત ★

જેમ કે તક઼વિયતુલ ઈમાનમાં ઈમામુલ વહાબિયા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : પયગંબરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાની મૂર્તિઓને અલ્લાહના બરાબર સમજતા ન હતા બલ્કે તેની જ મખ્લૂક઼ અને તેનો જ બંદો સમજતા હતા અને તેમને તેમના બરાબરીની તાક઼ત સાબિત કરતા ન હતા, પણ આ જ પુકારવું અને મન્નતનો માનવી અને નઝરો નિયાઝ કરવી અને તેમને પોતાના વકીલ તથા **સિફારિશી** સમજવા એમનું કુફ્ર તથા શિર્ક હતું.

જેથી જે કોઈ કોઈની સાથે એવો મામલો કરશે, ભલે તેને અલ્લાહનો બંદો અને મખ્લૂક જ સમજે તો અબૂ જહલ અને તે શિર્કમાં સરખા છે.'' *(તક઼વિયતુલ ઈમાન, પેજ–૭,૮, પહેલા બાબ તૌહીદ વ શિર્ક કે બયાનમેં, રાશિદ કંપની, દેવબંદ)*

## ★ વહાબીઓની દલીલ અસ્થાને છે ★

لا إله إلا الله ! કેવી અસ્થાને દલીલ છે !

★ ''મુશ્રિકો'' પોતાની ''મૂર્તિઓને'' સિફારિશી સમજતા હતા.

★ અને ''મુસલમાન'' પોતાના ''રસૂલ''ને સિફરિશી સમજે છે.

જેથી એ બંનેવ કાફિર તથા મુશ્રિક ઠર્યા, બલ્કે એ મુસલમાન તથા અબૂ જહલ આ બંનેવ શિર્કમાં સરખા થયા.

આ લખાણમાં મુસલમાનોને ''મુશ્રિકો''ના દરજામાં રાખવામાં આવ્યા છે અને રસૂલે મોઅઝ્ઝમ ﷺને ''મૂર્તિઓ''ના દરજામાં ! શું આ જ છે ઈસ્લામ ?! અને આ જ શુધ્ધ તૌહીદ છે ?!

મુસલમાનોના માટે અંબિયાએ કિરામ, ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺનું શફીઅ તથા સિફારિશી (શફાઅત તથા ભલામણ કરનાર) હોવું કિતાબુલ્લાહ તથા સહીહ હદીષોથી સાબિત છે, જેમ કે અગાઉનાં લખાણો એના માટે સાક્ષી છે, તો શું મુશ્રિકોના માટે પણ કોઈનું શફીઅ તથા સિફારિશી હોવું સાબિત છે ? એવું કદાપિ નથી ! જેમ કે કુર્આને કરીમમાં છે :–

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

"બેશક ! અલ્લાહ શિર્કને માફ નહીં કરે અને એની નીચે જે કાંઈ છે જેને ચાહે બખ્શી દેશે." *(સૂ. નિસાઅ, ૪/૪૮)*

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَّلَا يُقْبَلُ مِنْهَا شَفَاعَةٌ وَّلَا يُؤْخَذُ مِنْهَا عَدْلٌ وَّلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٤٨﴾

"અને ન કાફિર માટે કોઈ ભલામણ માનવામાં આવે અને ન કંઈક લઈને તેનો જીવ છોડવામાં આવે અને ન તેમની મદદ થઈ શકે." *(સૂ. બરકર, ૨/૪૮)*

અને ઈર્શાદે રબ્બાની છે :–

وَلَا يَمْلِكُ الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهِ الشَّفَاعَةَ اِلَّا مَنْ شَهِدَ بِالْحَقِّ وَ هُمْ يَعْلَمُوْنَ ﴿٨٦﴾

"અને જેમને તેઓ અલ્લાહના સિવાય પૂજે છે શફાઅતનો અધિકાર નથી ધરાવતા. હા ! શફાઅતનો અખત્યાર તેને છે જે હક્કની ગવાહી આપે અને ઈલ્મ ધરાવે." *(સૂ. ઝુખ્રૂફ, ૪૩/૮૬)*

આ મુબારક આયતોનો સારાંશ એ છે કે શિર્ક તથા મુશ્રિકની બખ્શિશ કદી થશે નહીં, જેથી તેમની બખ્શિશના માટે કોઈ સિફારિશ પણ સ્વીકાર્ય થશે નહીં. અને આ મુશ્રિકો જેમને અલ્લાહના સિવાય પૂજો છો તેમને તેમની સિફારિશનો અખત્યાર પણ હશે નહીં.

આ રીતે કયામતના દિવસે મુશ્રિકોનો ન કોઈ મદદગાર હશે ન સિફારિશી.

★ મુસલમાનોનો શફાઅતનો અકીદો કિતાબ તથા સુન્નતના પ્રમાણે છે અને મુશ્રિકોનો શફાઅતનો અકીદો કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ છે.

★ મુસલમાનોના હક્કમાં અંબિયાનું શફીઅ હોવું કિતાબ તથા સુન્નતથી સાબિત છે અને મુશ્રિકોના હક્કમાં તેમના મઅબૂદો (મૂર્તિઓ)નું શફીઅ હોવું બાતિલ તથા મરદૂદ છે.

પછી મુસલમાનોને મુશ્રિકોના દરજા (કક્ષા)માં અને નબીઓને મુશ્રિકોના બાતિલ મઅબૂદોની કક્ષામાં રાખવા એ ક્યાંનો ઈન્સાફ છે ? શું આ જ છે ઈસ્લામ ?! શું આ જ હદીષ પર અમલ છે ?!

સારાંશ મુસલમાનોના હક્કમાં અંબિયાએ કિરામ તથા સૈયદુલ અંબિયા ﷺનું શફાઅત ફર્માવવું કિતાબ તથા સુન્નતથી સાબિત છે, એટલા માટે મુસલમાનોનો

શફાઅતનો અકીદો હક્ક છે અને તેને શિર્ક ઠરાવવું એ ખુલ્લમ ખુલ્લા કિતાબ તથા સુન્નતથી ભાગવું (વિમુખ થવું) છે.

## શફાઅત વિશે સમજૂતી

કિતાબુલ્લાહની રોશન આયતો અને રસૂલુલ્લાહ ﷺની મુતવાતિર હદીષો તથા સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો ઉલમા)ના ઈજમાઅથી એ હકીકત અલમ નશ્રહ (જાહેર) થઈ ચૂકી છે કે કયામતના દિવસે અંબિયાએ કિરામ હઝરાત ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺ અલ્લાહની બારગાહમાં તેના મોમિન બંદાઓની શફાઅત કરશે અને એ શફાઅત કબૂલ પણ કરવામાં આવશે. એટલા માટે એ જરૂરી છે કે શફાઅતની એવી યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવે જે કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ) અને ઈજમાઅના પ્રમાણે હોય. એવી સ્પષ્ટતા ન હોવી જોઈએ કે શફાઅત કુફ્ર તથા શિર્ક થઈ જાય અને કદી થઈ ન શકે, કેમ કે એ તશ્રીહ નથી પણ તેહરીફ (હેરફેર) છે અને ખરેખર એ શફાઅતનું સમર્થન નથી પણ ઈન્કાર છે. જેવું કે ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)એ તકવિયતુલ ઈમાન (પેજ–૨૬, ૨૭, ૨૮, રાશિદ કંપની, દેવબંદ)માં એ જ પ્રકારની તશ્રીહ કરી છે. એટલા માટે ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એના બાબતે પોતાનો મત પેશ કર્યો છે. ફર્માવે છે :

''વળી પુષ્કળ હદીષો ગવાહ છે કે તેનો ઘડેલ અર્થ કદાપિ લાગુ ન થશે, તો તેણે એ પર્દામાં અસલ શફાઅતનો ઈન્કાર કર્યો કે જે માને છે તે થશે નહીં અને જે થશે તેને માનતો નથી. જેમ કે કોઈ કહે કે હું ઈન્સાનના અસ્તિત્વનો મુન્કિર નથી, પણ લોકો જેને ઈન્સાન કહે છે તે અસ્તિત્વમાં નથી. મૌજૂદ તે છે જેના પાંચ હાથ હોય અને બાવીસ કાન, અને સત્તાવીસ નાકો અને પીસ્તાળીસ મોં, અને પહાડ પર ચઢીને ઝાડ પર વસવાટ કરતો હોય. દરેક બુધ્ધિશાળી સમજી જશે કે આ મૂર્ખ મુદ્દલે ઈન્સાનનો જ મુન્કિર છે, ભલે ધોકા રૂપે શબ્દ ઈન્સાનનો ઈકરાર કરે છે.'' *(હાશિયા તજલ્લિયુલ યકીન, પેજ–૧૨૧, ૧૨૨, અહાદીષે શફાઅત, દારુલ ઈશાઅત, બ્રાઉન શરીફ, બસ્તી)* **એ જ હાલ ઈમામુત્તાઈફા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની શફાઅતની સમજ અને શફાઅતની સ્પષ્ટતાનો છે.**

## શફાઅતના પ્રકાર

શફાઅતનો દરવાજો અલ્લાહ ﷻની ઈજાઝતથી ખુલશે અને અંબિયા તથા ફરિશ્તા અને મો'મિનો અલ્લાહના હુકમથી જ શફાઅત કરશે. રબની અનુમતિ (ઈઝ્ન) વગર ન ફતહે બાબે શફાઅત થશે અને ન તો કોઈ કોઈની શફાઅત કરશે. કુર્આને હકીમમાં વિવિધ જગાએ એનું વર્ણન છે★ એટલા માટે આ શફાઅત "શફાઅત બિલ્ઈઝ્ન" કહેવાય છે.

અને શફાઅતનો સબબ બારગાહે ઈલાહીમાં શફીઅ (શફાઅત કરનાર)ની ઈજ્જત તથા વજાહત (પ્રતિષ્ઠા) છે અથવા શફીઅની મહબૂબિયત છે. શફાઅતનો સબબ વજાહત હોય તો તે "શફાઅત બિલ્ વજાહત"થી અને મહબૂબિયત હોય તો તેને "શફાઅત બિલ મહ઼બ્બત"થી સંબોધવામાં આવે છે.

---

★ *દા.ત. આ આયતો : (અર્થ) : "એ કોણ છે જે એની બારગાહમાં તેની અનુમતિ (ઈઝ્ન) વગર શફાઅત કરે ?!" (સૂરએ બક઼રહ, ૨/૨૫૫)*

★ *"કોઈ સિફારિશી નથી પણ તેની ઈજાઝત પછી." (સૂરએ યૂનુસ, ૧૦/૩)*

★ *"તે દિવસે કોઈની શફાઅત કામ ન આપશે, પણ તેની જેને રહમાને (શફાઅત કરવાની) અનુમતિ આપી દીધી છે." (સૂરએ તાહા, ૨૦/૧૦૯)*

★ *"અને તેની પાસે શફાઅત કામ નથી આપતી પણ જેના માટે તે અનુમતિ (ઈઝ્ન) આપે. (સૂરએ સબા, ૩૪/૨૩)*

★ *"સિફારિશ કાંઈ કામ નહીં આપે પણ જ્યારે કે અલ્લાહ ઈજાઝત આપી દે જેના માટે ચાહે." (સૂરએ નજ્મ, ૫૩/૨૬)*

*આ આયતોથી સ્પષ્ટપણે એ સાબિત થાય છે કે બારગાહે ઈલાહીમાં શફાઅત તેના ઈઝ્ન (અનુમતિ) પછી જ થશે, અને તે આ શફાઅતનું ઈઝ્ન કેવળ પોતાના મહબૂબો તથા નિકટવર્તીઓને આપશે અને તે પણ જેના માટે તે ચાહે, એટલે મો'મિનોના માટે. સારાંશ આ મુબારક આયતોથી સાબિત થાય છે કે શફાઅત અલ્લાહના હુકમ (ઈઝ્ન) વગર ન થશે. તો પાયાની શફાઅત આ જ "શફાઅત બિલ ઈઝ્ન" છે અને તેનો સબબ બારગાહે ઈલાહીમાં શફીઅ (શફાઅત કરનાર)નો માન મર્તબો તથા મોભો તથા મહબૂબિયત છે.*

આ પ્રમાણે "શફાઅત બિલ ઈઝ્ન" (રબના હુકમથી શફાઅત)ના પાયાની રીતે બે પ્રકાર છે : (૧) શફાઅત બિલ્ વજાહત (૨) શફાઅત બિલ્ **મહબ્બત.**

વળી એ શફાઅતના પણ કેટલાય પ્રકાર છે જે ઉમ્મતના ઉલમાએ પોતાની કિતાબોમાં વિગતવાર વર્ણવેલ છે :

**૦૧.** શફાઅતે કુબરા, હિસાબ કિતાબ માટે.

**૦૨.** શફાઅતે સુઅદા, વિના હિસાબે જન્નતમાં પ્રવેશ માટે.

**૦૩.** શફાઅતે ઉસાત, જહન્નમથી હિફાઝતના માટે.

**૦૪.** શફાઅતે અહલે નાર, જહન્નમથી કાઢવા માટે.

**૦૫.** દરજાની પ્રગતિ માટે શફાઅત, ઊંચા દરજાની જન્નત પર બિરાજમાન કરવા માટે. *(જુઓ મિન્હાજે શરહે મુસ્લિમ)*

શફાઅતે કુબરાની એ હદીષો આપની નજર સમક્ષ છે કે મહશરવાસીઓ વારફરતી પાંચ અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની બાગારહમાં હાજરી આપશે અને અર્ઝ કરશે કે બારગાહે ઈલાહીમાં આપને એ ઈજ્જત તથા મક઼ામ હાંસલ છે, આપ અમારા માટે શફાઅત ફર્માવશો, પણ એ હઝરાત એની હિંમત કરશે નહીં. અને છેવટે જ્યારે તેઓ સૈયદુલ મુરસલીન ખાતમુન્નબીય્યીન ﷺની બારગાહમાં હાલ રજૂ કરશે તો સરકાર ﷺ ફર્માવશે أَنَا لَهَا આ શફાઅતનો હોદ્દો મારા માટે છે.

*કહેંગે ઔર નબી ઈઝહબૂ ઈલા ગૈરી*
*મેરે હુઝૂર કે લબ પર અના લહા હોગા*

સરકાર ﷺને આ શફાઅતનો ઈઝ્ન (અનુમતિ) બારગાહે ઈલાહીમાં આપનો મર્તબો તથા મહબૂબિયતના કારણે મળશે. પછી જ્યારે સરકાર શફાઅત કરશે તો આપની પ્રતિષ્ઠા તથા મહબૂબિયતના ઈઝહાર (પ્રદર્શન) માટે ખુદા પાક કેવળ કરમની રાહે તેને ક઼બૂલ ફર્માવશે★ આ રીતે શફાઅતે કુબરાની હદીષો

★ *એની ઉમદા સ્પષ્ટતા આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رَحْمَةُ اللهِ عَلَيْه એ આ શબ્દોમાં કરી છે : મુસલમાન એ જ રીતે ઈમાનની નજરે જુએ અને હક્ક઼ عَزَّوَجَلَّ ની આ મહાન હિકમત ખયાલ કરે કે કેવી રીતે મેહશરવાળાઓનાં દિલોમાં ક્રમસર અંબિયાએ એઝામ عَلَيْهِمُ السَّلَام ની ખિદમત જવાનુ ઈલ્હામ કરશે અને એકદમ બારગાહે અક઼દસ*

અનુસંધાન પેજ નં ૨૬ પર

એ "શફાઅત બિલ ઈઝ્ન"નું પણ દષ્ટાંત છે અને "શફાઅત બિલ્વજાહત" તથા "શફાઅત બિલ મહબ્બત"નું પણ ઉદાહરણ છે. એ અલગ વાત છે કે એ બંને "શફાઅત બિલ્ ઈઝ્ન"ના પ્રકારોમાંથી છે.

## ★ શફાઅતના પ્રકારોની સ્પષ્ટતામાં દલીલો કિતાબ તથા સુન્નતની રોશનીમાં ★

"શફાઅત બિલ ઈઝ્ન"ની આ વહેંચણી દિમાગમાં રાખીને હવે દરેકની સહીહ સ્પષ્ટતા જુઓ.

મુહક્કિકે જલીલ અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رَحْمَةُ اللهِ عَلَيْهِ લખે છે :–

પેજ નં ૨૫નું ચાલુ *સૈયદે આલમ ﷺમાં હાજર ન લાવશે કે હુઝૂર તો યકીનન ! શફીએ મુશફ્ફઅ છે. શરૂઆતમાં અહીં આવત તો શફાઅત પામતા.*

- ★ *પણ અવ્વલીન તથા આખરીન, મુવાફિકીન તથા મુખાલિફીન, ખલ્કુલ્લાહ અજમઈન પર કેવી રીતે ખુલતુ (જાહેર થતુ) કે આ કદર તથા શાનવાળો મન્સબ (હોદ્દો) એ જ સૈયદે અકરમ મૌલાએ આ'ઝમ ﷺનો ખાસ હિસ્સો છે જેનો દામને રફીઅ, જલીલ તથા મુનીઅ તમામ અંબિયા વ મુરસલીનના દસ્તે હિંમત કરતાં બુલંદોબાલા છે.*
- ★ *વળી વિચારો કે દુનિયામાં લાખો કરોડો કાન આ હદીષથી બાખબર અને અસંખ્ય બંદાઓ આ હાલના માહિતગાર છે, કયામતના મેદાનમાં સહાબા તથા તાબઈન તથા ઈમામો મુહદ્દિષો તથા અવલિયાએ કામિલીન તથા ઉલમાએ આમિલીન સૌ મૌજૂદ હશે, તો પછી કેમ કરીને આ જાણેલી પહેચાનેલી વાત દિલોથી એવી ભૂલાવી દેવામાં આવશે કે આટલી અતિ અધિક જમાઅતોમાં એ લાંબી મુદ્દતો સુધી કોઈને મુદ્દલે યાદ નહીં આવે.*
- ★ *પછી વારાફરતી અંબિયા હઝરાતથી જવાબ સાંભળવામાં આવશે, ત્યારે પણ તદ્દન ધ્યાન નહીં આવે કે આ તે જ બનાવ છે જે સાચા મુખ્બિર ﷺએ પહેલા જ બતાવી આપ્યો છે !*
- ★ *વળી હઝરાતે અંબિયા عَلَيْهِمُ السَّلَام ને જુઓ, તેઓ પણ એક પછી એકની પાસે મોકલતા રહેશે, એવું કોઈ નહીં કહે કે શા માટે બેકાર તબાહ થઈ રહ્યા છો ? તમારો મકસદ આ પ્યારા મહબૂબ ﷺ પાસે હલ થશે.*

*આ સર્વ ગતિવિધિઓ એ જ મહબૂબે બાશૌકતની અઝમતના પ્રદર્શન તથા પ્રતિષ્ઠા (મર્તબા, ઈજ્જત)ના પ્રચારના માટે છે. (રિસાલા : તજ્જલ્લિયતુલ યકીન, પેજ : ૧૨૩ થી ૧૨૫, અહાદીષશ્શફાઅત, રઝવી દારુલ ઈશાઅત, બ્રાઉન શરીફ, બસ્તી)*

એક શખ્સ બીજાની સામે કોઈ સિફારિશ (ભલામણ) કરે છે તો એટલા માટે મક્બૂલ તથા મંઝૂર થાય છે કે પહેલા શખ્સને બીજાની સામે ઈજ્જત તથા શરાફત (મર્તબો) હાંસલ છે. ઈજ્જત તથા શરાફતનાં કેટલાંક કારણો હોય છે :–

**વજાહત (પ્રતિષ્ઠા, મોભો)** : જેની પાસે સિફારિશ કરવામાં આવી છે તેણે સિફારિશ કરનારાને પોતાની બારગાહમાં કુર્બ (નઝદીકી) અતા કરી છે અને પોતાના મુતઅલ્લિક્ીન (સંબંધ ધરાવનારાઓ)માં તેને ઈજ્જત તથા વિશિષ્ટતા (વિશિષ્ટ સ્થાન) બખ્શ્યું છે. આ ઈજ્જતોમાંથી એક એ છે કે અન્ય તેના હેઠળની વ્યક્તિઓના મર્તબાઓની ઉચ્ચતા તથા ગુનેહગારોની માફીના માટે તેને વાત કરવાની ઈજાઝત છે, તેની અરજ ક્બૂલ કરવામાં આવે છે અને તેની સિફારિશ માનવામાં આવે છે. જો એ મોભાદાર વ્યક્તિની અરજ તથા સિફારિશ ન માનવામાં આવે તો તેના રંજમય થવાથી તે શખ્સને (જેની બારગાહમાં સિફારિશ કરવામાં આવી છે) કોઈ રંજ કે નુકસાન નહીં પહોંચે. પરંતુ તેની અરજને ન માનવું અને તેની વાતને મહત્વ ન આપવું એ ઈજ્જત આપવું અને બંદાનવાઝીની વિરુદ્ધ છે જે એ શખ્સને આપવામાં આવેલ છે. આ "શફાઅતે વજાહત" છે.

એમાં એ શર્ત નથી કે જેની પાસે સિફારિશ કરવામાં આવી છે તેને શફાઅત કરવાવાળાની નાખુશીથી ખતરો હોય અને સિફારિશ ન સ્વીકારવાની સ્થિતિમાં નુકસાનનો ભય હોય, કેમ કે "શફાઅત"નો અર્થ સિફારિશ અને "વજાહત"નો અર્થ લેહાઝ તથા ઈજ્જત છે. કોઈ શબ્દથી ડર કે ફિકર નથી સમજવામાં આવતું.

એ જ અર્થમાં દરેક શખ્સ જાણે છે કે શફાઅત અને સીનાઝોરી (જબરદસ્તી) અલગ અલગ છે. સિફારિશમાં સીનાઝોરી નથી હોતી. જો કોઈ શખ્સ કોઈની વાત નુકસાનના ડરથી માને છે તો એ નથી કહી શકાતુ કે તેણે સિફારિશ માની લીધી. એ સિફારિશને માનવું નથી બલ્કે પોતાના નુકસાન તથા અહિતના ડરથી માને છે તો એવું નથી કહી શકાતુ કે તેણે સિફારિશ માની લીધી. આ સિફારિશને માનવું નથી બલ્કે એક નુકસાન તથા અહિતને દૂર કરવું છે. એને ઈતાઅત (આજ્ઞાપાલન) કહી શકાય છે, કેમ કે નાફર્માની (અવજ્ઞા)ની સ્થિતિમાં નુકસાનનો ડર હોય છે.

સિફારિશ કબૂલ કરવામાં કોઈ ડર સામેલ નથી હોતો. દા.ત. એક સત્તાધારી બાદશાહ પોતાના સાથીઓમાંથી કોઈને એટલો મકામ તથા મર્તબો અતા કરે છે કે તેને હાજતમંદોની હાજતો પેશ કરવા અને મુજરિમો માટે માફી ચાહવાની ઈજાઝત છે. તેને બીજાઓ કરતાં આ વિશિષ્ટતા હાંસલ છે. તે શખ્સ બાદશાહથી કોઈ એવા ગુનાહને બખ્શવાની દરખાસ્ત કરે છે જેને માફ કરી આપવું બાદશાહ માટે અઘરુ નથી. બાદશાહ તેની પ્રતિષ્ઠા તથા મર્તબાનો લેહાઝ કરીને તે ગુનોહ માફ કરી આપે છે અને મુકર્રબ (નઝદીકી પામેલા સાથી)ની સિફારિશ કબૂલ કરીને તેની ઈજ્જતમાં વધારો કરે છે. તે એવું નથી કહી શકાતુ કે બાદશાહે પોતાની સલ્તનતના કારખાનામાં ખલેલ પડવાના ડરથી સિફારિશ કબૂલ કરી છે, બલ્કે સહીહ વાત એ છે કે બાદશાહે પોતાના સૌથી નિકટવર્તી ખાદિમના મર્તબાને લક્ષમાં રાખીને અને તેની દિલદારીના માટે તેની સિફારિશ કબૂલ કરી છે અને મુજરિમોના ગુનાહ માફ કરી આપ્યા છે.

હા ! જો કોઈ શખ્સ નામ માત્રનો બાદશાહ હોય, રાજ્ય સત્તાની વ્યવસ્થા તથા સલ્તનતના કાનૂનોને લાગુ કરવાની ક્ષમતા ન ધરાવતો હોય, અન્ય લોકો સલ્તનતના સર્વ વિભાગો પર સવાર હોય, અને દેશની વ્યવસ્થા તથા શાસનના બંદોબસ્ત પર સંપૂર્ણ અખત્યાર ધરાવતા હોય. એ સત્તાધારી સાહબોમાંથી કોઈ શખ્સ નામ માત્રના બાદશાહથી કોઈ મુજરિમની માફીની માગણી કરે છે અને બાદશાહ એ ડરથી કે જો એના કહ્યા પર અમલ ન કર્યો તો તેનાથી નુકસાન પહોંચશે, એટલે કે જાહેરી સત્તા પણ જતી રહેશે, જેથી તેના કહેવા પર અમલ કરે છે અને મુજરિમનો ગુનોહ માફ કરી દે છે, તો નથી કહી શકાતુ કે બાદશાહે તેની શફાઅત કબૂલ કરી લીધી છે, બલ્કે બાદશાહ હકીકતમાં એ લોકોના તાબામાં છે અને તેમનો પાબંદ છે અને તેમની વાત માનવા માટે મજબૂર છે. એને આજ્ઞાપાલન તથા ફર્માંબરદારી તો કહી શકાય છે પણ શફાઅતનો સ્વીકાર નથી કહી શકતા.

આ ચર્ચાથી સ્પષ્ટ થઈ ગયું કે વજાહત તથા ઈજ્જત ડર તથા અંદેશા વગર શફાઅતની કબૂલિયતનો સબબ બની શકે છે.

અલ્લાહ તઆલા હઝરત ઈસા عَلَيْهِ السَّلَام ની શાનમાં ફર્માવે છે :–

وَجِيْهًا فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ وَمِنَ الْمُقَرَّبِيْنَ ''દુનિયા તથા આખેરતમાં વજાહત (ઈજ્જત)વાળા અને નિકટવર્તી (મુક઼રિબીન)માંથી છે.''

*(સૂરએ આલે ઈમરાન, ૩/૪૫)*

મુફસ્સિરો આખેરતની વજાહત (ઈજ્જત તથા મર્તબા)ને શફાઅત પર અવલંબિત દર્શાવે છે. અલ્લામા બયઝાવી આ આયતની તફસીરમાં ફર્માવે છે : اَلوَجَاهَةُ فِى الدُّنْيَا: النُّبُوَّةُ، وَفِى الاٰخِرَةِ: الشَّفَاعَةُ ''એટલે વજાહત (ઈજ્જત) દુનિયામાં નબુવ્વત છે અને આખેરતમાં શફાઅત.'' *(અન્વારુત્તન્ઝીલ વ અસ્રારુત્તાવીલ અલ મઅરૂફ બિતફસીરિલ બયઝાવી, ૨/૧૭, દારુલ અહયાઉત્તરાષુલ અરબી, બૈરૂત)* .....

## (૨) મહોબ્બત

જેની પાસે સિફારિશ કરવામાં આવી છે તેને સિફારિશીથી મહોબ્બત હોય, મહોબ્બતનો તકાઝો એ છે મહબૂબની રઝા જોઈ (રાજીપો) ચાહવી અને દરેક રીતે તેને ખુશ કરવું મંજૂર હોય છે. દિલ તૂટવાના તથા રંજના સબબો તેનાથી દૂર રાખવામાં આવે છે. કેમ કે મુહિબ્બ મહબૂબના દિલ તૂટવાના, બલ્કે દોસ્ત દોસ્તોનું દિલ દુઃખવવાને માન્ય રાખનારા નથી હોતા. મહોબ્બત કરનારા મહબૂનો દિલને તકલીફ પહોંચાડવાને માન્ય નથી કરતા, તેમની ફર્માઈશ ક઼બૂલ કરે છે અને તેમની સિફારિશ ક઼બૂલ કરે છે. અને મોટાભાગે તેમની સિફારિશ ક઼બૂલ કરવામાં એ બાબત ખયાલમાં નથી હોતી કે જો તેમની સિફારિશ સ્વીકારવામાં ન આવી તો તે ગુસ્સામાં આવીને તેમને રંજમય કરી શકે છે અથવા ગુસ્સામાં આવીને તેમનાં દિલોને સદમો પહોંચાડી શકે છે, કેમ કે દિલદારી મહોબ્બતનો તકાઝો છે અને મહબૂબની વાત માની લેવી આ ખૂબી (સિફત) માટે અનિવાર્ય છે. આ હાલ એ શખ્સથી પૂછવામાં આવી શકે છે જે મહોબ્બત ધરાવતો હોય. આ હક઼ીક઼ત અક઼લન તથા નક઼લન સાબિત છે.

અક઼લી ષબૂત (સાબિતી) તો વર્ણન થઈ ચૂકી. નક઼લી સાબિતી જુઓ :

હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે :–

كَمْ أَشْعَثَ أَغْبَرَ ذِي طِمْرَيْنِ لَا يُؤْبَهُ لَهُ لَوْ أَقْسَمَ عَلَى اللّٰهِ لَأَبَرَّهُ (١) ''ઘણા બધા ધૂળ મય વાળોવાળા ખાકસાર જેમની પાસે બે પૂરાણી ચાદરો સિવાય કાંઈ ન હોય અને જેમને કોઈ મહત્વ આપવામાં આવતુ ન હોય. એવા હોય છે કે અલ્લાહ તઆલાના હક્કમાં કસમ ખાય તો અલ્લાહ તઆલા તેમની કસમ પૂરી કરી આપશે.'' *(જામેઅ તિર્મિઝી, ૪/૪૪૬, અબ્વાબુલ મનાકિબ....... વધુ હવાલા માટે અસલ ઉર્દૂ કિતાબ જુઓ...)*

એટલે કે અલ્લાહ તઆલા તેમની દિલદારી કરશે, અને જે વાતની તેમણે કસમ ખાધી છે તેને પૂરી કરી આપશે અને તેમની ખ્વાહિશ રદ નહીં કરે.

વિચાર કરો ! આ ''દિલદારી'' એ મહોબ્બતનો તકાઝો છે, નહીં તો એ ખાકસાર અલ્લાહ તઆલાને કયો રંજ કે નુકસાન પહોંચાડી શકે છે ?!

હા ! બારગાહે યઝદીના મહબૂબોની શાન એ છે જે હદીષે કુદસીમાં આવેલી છે :–

فَإِذَا أَحْبَبْتُهُ ، فَكُنْتُ سَمْعَهُ الَّذِي يَسْمَعُ بِهِ، وَبَصَرَهُ الَّذِي يُبْصِرُ بِهِ ، وَيَدَهُ الَّتِي يَبْطِشُ بِهَا ، وَرِجْلَهُ الَّتِي يَمْشِي بِهَا . (٢) (وفي روايةٍ) وَلِسَانَهُ الَّذِي يَنْطِقُ بِهِ. (٣)

(અર્થ) ''જ્યારે હું એ બંદાને મહબૂબ બનાવી લઉં છું તો હું તેના કાન થઈ જઉં છું જેનાથી તે સાંભળે છે. તેની આંખ થઈ જઉં છું જેનાથી તે જુએ છે. તેના હાથ થઈ જઉં છું જેનાથી તે પકડે છે, તેના પગ થઈ જઉં છું જેનાથી તે ચાલે છે. (અને એક રિવાયતમાં છે) તેની જીભ થઈ જઉં છું જેનાથી તે બોલે છે. (એટલે કે એનાં અંગો મારી કુદરતના ઉદ્ભવ સ્થાન (મઝહર) અને મારી રઝાનાં પાબંદ થઈ જાય છે. આ હદીષે કુદ્સીના આધારે અલ્લાહના મહબૂબોનો કુર્બ (નઝદીકી), ઈજ્જત તથા તેમની મહબૂબિયતના આધાર પર ઈમાન લાવવું જોઈએ.

આ પ્રસ્તાવના પછી સાંભળો ! અલ્લાહ તઆલાની બારગાહમાં સર્વ મખ્લૂક માણસ હોય કે ફરિશ્તા, નબી હોય કે ઉમ્મતી, બાદશાહ હોય કે ખાદિમો, જ્યાં સુધી બંદગીને સંબંધ છે એક સમાન નિસ્બત ધરાવે છે. કોઈને કોઈ લેહાઝથી તેની માલિકી તથા સત્તામાં ભાગીદારી અને તેના ઈરાદા તથા અખત્યારમાં વિરોધ અથવા તેના હુકમ અને ફેઅલ (કાર્ય)માં મુકાબલાની શક્તિ નથી. તે જે

ચાહે છે કરે છે. જે રીતે ચાહે છે તેના મુજબ ફૈંસલો કરે છે અને જે રીતે તેનો ઈરાદો હોય છે એના મુજબ ફૈંસલો કરે છે. અને જે પ્રમાણે તેનો ઈરાદો હોય છે કાયનાતમાં ફેરફાર કરે છે. તેનો ન કોઈ ભાગીદાર છે, ન બરોબરીયો, ન મદદગાર છે ન કારસાઝ. તેને કોઈ વઝીરની સહાય, કોઈ મદદગારની મદદની જરૂરત નથી. કોઈની રઝા (રાજીપા) તથા ખુશ્નુદીથી તેની માલિકીમાં રોનક નથી વધી જતી ન તો કોઈની નારાજીથી તેની હુકૂમતના કારખાનામાં ખલેલ પેદા થાય છે.

હા ! તેણે પોતાની મખ્લૂકને વિવિધ મર્તબાઓ તથા મકામો આપીને પેદા કરેલ છે. તેમના મર્તબા તથા દરજાઓમાં ઘણો તફાવત રાખ્યો છે. અમુકને બરગુઝીદા (ચહીતા) અને બારગાહે કુદ્સના મુકર્રબ બનાવ્યા અને અમુકને મરદૂદ, ઝલીલ તથા ગુમરાહ કર્યા. બંને પ્રકારોમાં વિવિધ મર્તબા તથા વિવિધ દરજાઓ રાખ્યા અને પોતાની બારગાહના મુકર્રિબીનને (નજીકનાઓને) તેમના દરજાઓના પ્રમાણે મકામ તથા મર્તબા અતા કર્યા. એમાંથી દરેકને તેના મર્તબા પ્રમાણે ઈજ્જત તથા કરામત અતા કરી. તેમનામાંથી દરેકને બારગાહે ઈલાહીમાં જેટલી ઈજ્જત, કુર્બ તથા મહોબ્બત હાંસલ છે તેના પ્રમાણે તેમનાથી સંબંધિત લોકો તથા તેમનો વસીલો પકડનારાઓની દીની તથા દુનિયવી હાજતોના બારામાં તેમની સિફારિશ કબૂલ ફર્માવે છે અને પોતાની બારગાહના મુકર્રબીન (નિકટતાવાળાઓ)ને તેમના મર્તબાઓના પ્રમાણે ઈજાઝત અતા કરે છે કે પોતાના સંબંધીઓ તથા નિસ્બતવાળાઓના માટે દુનિયા તથા આખેરતમાં મુસીબત તથા અઝાબથી દૂર કરવા અને ફાયદાની પ્રાપ્તિ માટે સિફારિશ કરે, આ ઈઝ્ઝત અફઝાઈ (સન્માન) થકી તેમને મખ્લૂકમાં વિશિષ્ટ બનાવે છે.

એટલા માટે મોટાભાગના લોકો બંને જહાનની દરેક હાજતોમાં તેમનાથી શફાઅત તથા સિફારિશના તલબગાર બને છે. અને તે મુકર્રબીન (ખુદાની નઝદીકીવાળાઓ)ની શફાઅતના ફયઝથી પોતાના મકસદોમાં કામયાબ થયા અને થાય છે અને થશે. તેમની શફાઅત મોટાભાગે મકબૂલ થાય છે, વાણી તથા વર્તન વડે તેમને તકલીફ પહોંચાડનારા અને બેઅદબી કરનારા મોટાભાગના લોકો અલ્લાહ તઆલાના અઝાબમાં ગિરફતાર થઈને દીન તથા દુનિયાને બર્બાદ કરી ચૂક્યા અને કરે છે અને કરશે.

કેમ કે બારગાહે ઈલાહીમાં મુકર્રબીન (રબના કુર્બવાળાઓ)ની ઈજ્જત તથા મોભ્ભો, તેમની શફાઅત તથા તેમના સવાલની મકબૂલિયતનો સબબ છે એટલા માટે બીજા લોકો કરતાં સાલેહીનની દુઆઓ અધિક મકબૂલ છે. જો કોઈ શખ્સ દુશ્મનીની રીતે આ વાત ન માને, અથવા બદઅકીદગીના લીધે તેને શંકા ઉદ્‌ભવે તો તેણે સિહાહની કિતાબોમાં હુઝૂર ﷺની સીરતનો અભ્યાસ કરવો જોઈએ જેથી તેને માલૂમ થાય કે જે હઝરાતે હુઝૂર ﷺથી દુઆની ગુઝારિશ કરી અથવા શફાઅતની દરખાસ્ત કરી તેઓ દુનિયા તથા આખેરતમાં ખૈરાત તથા બરકતોથી માલામાલ થયા અને જે લોકોએ તેમને તકલીફ પહોંચાડી તથા બેઅદબી કરી તેઓ બર્બાદીઓના શિકાર બન્યા અને જહન્નમના નીચલા તબકાઓમાં દાખલ થયા.

જ્યારે શફાઅતનો અર્થ સિફારિશ છે અને બારગાહે ઈલાહીમાં શફાઅત મંજૂર થવાનો એ મતલબ નથી કે કોઈને તેના તકદીરના કારખાના પર પ્રભુત્વ હાંસલ હોય અથવા સિફારિશ કરનારનું દિલ તૂટવાના કારણે તેની સત્તામાં ખલેલની સંભાવના હોય અથવા તેને નુકસાન લાગુ થવાનો અથવા લાભ જતો રહેવાનો કે રંજો ગમ લાગુ થવાનો અંદેશો હોય (હાશા વ કલ્લા ! આ કોઈનો અકીદો નથી) બલ્કે શફાઅત મકબૂલ થવાનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ મહોબ્બતવાળાઓ તથા ઈતાઅતવાળાઓ (આજ્ઞાંકિતો)ને મોઘામાં મોઘાં ઈનામો ઈકરામથી નવાઝયા છે અને તેમના દરજાઓ અન્ય મખ્લૂક કરતાં બુલંદ ફર્માવીને તેમને પોતાના બારગાહના મુકર્રબ (નજીકના) બનાવ્યા છે.

આપણે અહલે હક્ક એહલે સુન્નત વ જમાઅત આ સ્પષ્ટતા પ્રમાણે :–

★ શફાઅત બિલ્ ઈઝ્‌ન અને

★ શફાઅત બિલ્ વજાહત

★ શફાઅત બિલ્ મહબ્બતના માનનારા છીએ અને કિતાબ તથા સુન્નતની દલીલોથી એને સાબિત કરીએ છીએ અને સલફ (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફ (પાછલા બુઝુર્ગો) પણ એના પર છે. (સંપૂર્ણ)

✦✦✦